મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૩૯ ટકા
ગાંધીનગર તાપમાન

ગુરૂવંદના સાથે શહેરમાં ઉજવાયું ગુરૂપૂર્ણિમા પર્વ

શહેરના મંદિરો-ધાર્મિક સંસ્થાનોમાં વિશેષ પૂજા-આરતી સાથે પાદુકા પૂજન-ગુરૂપૂજન જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાયા : શ્રધ્ધાળુ ભાવિકોએ મોટી સંખ્યામાં દર્શનનો લાભ લીધો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં ગુરૂપૂર્ણિમાના પવિત્ર પર્વ નિમિત્તે મંદિરોમાં-ધાર્મિક આશ્રમોમાં તથા સામાજિક શૈક્ષણિક સંસ્થાઓમાં ગુરૂવંદના, પાદુકા પૂજન તથા મહાઆરતી જેવા આયોજનો કરાયા હતા. શહેરમાં આજે ધાર્મિકતાનો માહોલ છવાયેલો રહ્યો હતો. સે-૧માં સમદર્શન આશ્રમથી શરૂ કરીને પંચદેવ મંદિર, દત્ત મંદિર, સ્વામિનારાયણ મંદિર, ઝુલેલાલ મંદિર, સંતરોહિદાસ મંદિર તથા રામધામ વાવોલ સહિતના અનેક ધાર્મિક સ્થળોએ યોજાયેલા વિવિધ કાર્યક્રમોમાં શ્રધ્ધાળુ ભાવિકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

શહેરના સેકટર-૩૦માં વહેલી પરોઢે પાંચ કલાકે કાકડ આરતી યોજાઈ હતી તથા ૮ કલાકે પાદુકા પૂજન અને સાંજે પાંચ વાગે મહાઆરતી યોજાઈ હતી. મહાઆરતીમાં શહેરના મેયર રીટાબેન પટેલ ઉપરાંત પૂર્વ ધારાસભ્ય રતિલાલ વર્મા સહિત અગ્રણીઓ જોડાયા હતા તથા મોટી સંખ્યામાં ભાવિકોએ આરતી-પૂજા તથા પ્રસાદનો લાભ લીધો હતો. શહેરના સે-૨૨ ખાતે સુપ્રસિધ્ધ પંચદેવ મંદિરે આજે વેદવ્યાસ જયંતિ નિમિત્તે વેદવ્યાસનું પૂજન યોજાયું હતું. ત્યાર બાદ ગુરૂવંદના કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. સેકટર-૨માં સ્વામિનારાયણ મંદિરે ગુરૂવંદના સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાયા હતા. જેમાં ભકિત સંગીતનો કાર્યક્રમ પણ યોજાયો હતો. સેકટર-૨૮માં દત્ત મંદિરે ગુરૂપૂર્ણિમાના પવિત્ર પર્વ નિમિત્તે વિશેષ પૂજા અર્ચના તથા ભકિત સંગીત યોજાયા હતા. અહીં દર્શન કરવા મોટી સંખ્યામાં ભાવિક ઉમટયા હતા. સે-૨૮માં બ્રહ્માકુમારીઝ કેન્દ્ર ખાતે પૂ. કેલાસદીદીના સાંનિધ્યમાં ગુરૂપૂર્ણિમા અંગે આર્શીવચન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સ્થાનિક કોર્પોરેટરો હર્ષાબા ધાંધલ, બરખાબેન જહા ઉપરાંત ભાજપી અગ્રણીઓ ઉરેન પટેલ, અમૃત દેસાઈ, એચ.એમ. પટેલ, ધર્મેન્દ્રભાઈ, ઉમેશ જહા, ખોડીદાસ મકવાણા, તખતસિંહ, વિજય શાહ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગરના સેકટર-૬માં સંત રોહિદાર મંદિરે ગુરૂપૂર્ણિમા મહોત્સવનું આયોજન કરાયું હતું. જેમાં ભકિત સંગીતને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. વાવોલ ખાતેના રામધામમાં આજે ગુરૂપૂર્ણિમા નિમિત્તે મહામંડલેશ્વર પૂ. મધુસૂદનજી મહારાજના સાંનિધ્યમાં પાદુકા પૂજન તથા ગુરૂપૂજન તથા દિક્ષા સહિતના કાર્યક્રમો યોજાયા હતા. શહેરમાં આ ઉપરાંત પણ ધાર્મિક સ્થળો જેવા કે ધોળેશ્વર મહાદેવ સહિત મંદિરોમાં ગુરૂપૂર્ણિમાના પવિત્ર પર્વને અનુલક્ષીને વિશેષ પૂજા આરતી તથા ગુરૂવંદના કાર્યક્રમોનું આયોજન કરાયું હતું જેનો મોટી સંખ્યામાં ભાવિક શ્રધ્ધાળુઓએ લાભ લીધો હતો.

ડૉ. આંબેડકર હોલ ખાતે લોકડાયરો-સંતવાણી કાર્યક્રમ યોજાયો

ગાંધીનગરમાં કલા સંગીત અને સાહિત્ય ક્ષેત્રની પ્રવૃત્તિઓનો બહોળો વિકાસ થઈ રહ્યો છે. શહેરમાં રવિવારે ડૉ. આંબેડકર હોલ ખાતે લોકસાહિત્યને ઉજાગર કરતો લોકડાયરો-સંતવાણી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જાણીતા રેડિયો-ટીવી કલાકારો ચિમનલાલ રત્નોત્તર અને સુરેશકુમાર રત્નોત્તર સાથે લોક ગાયિકા કલ્પના પંડયાએ લોકસંગીત અને ભકિત સંગીતની જમાવટ કરી હતી. ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી આયોજિત આ કાર્યક્રમનું સંચાલન લોક સાહિત્યકાર અમૃતલાલ જોષીએ કર્યું હતું. આ પ્રસંગે ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના સચિવ તથા અધિક કલેકટર આર.એન. કુમાર, પાટનગર યોજના વિભાગના કાર્યપાલક ઈજનેર કે.એન. રાવત તથા વન અને પર્યાવરણ વિભાગના નિવૃત્ત ઉપસચિવ કિરીટકુમાર અગ્રાવત અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહ્યા હતા.

સે-૬ ફનફેરમાં રાઈડસની ચકાસણી કરાઈ

અમદાવાદ કાંકરીયા ખાતે રાઈડ તુટી પડવાની દુઃખદ ઘટના બનવા પામી હતી. અમદાવાદની ઘટનાને પગલે રાજયના તમામ મોટા શહેરોમાં રાઈડ બંધ કરાવીને ચકાસણીના આદેશ રાજય સરકારે આપ્યા છે.ગાંધીનગર શહેરના સેકટર-૬ મેદાન ખાતે આવેલા ફનફેરમાં પણ ડે.મેયર નાઝાભાઈ અને ફાયર ઓફિસર મહેશ મોડ દ્વારા ચેંકીગ હાથ ધરાયું હતું અને સુરક્ષાની તમામ બાબતોને ધ્યાને લઈને ઝીણવટભરી તપાસ કરાઈ હતી.

@ગાંધીનગર

● આજે સાંજે ૪થી ૭ દરમિયાન સે-૧૨ સ્થિત બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે.

● આજે સાંજે ૫ થી ૫.૩૦ દરમિયાન સે-૨૧ ગોવર્ધનનાથજીની હવેલી ખાતે સુરંગના હિંડોળાના દર્શન થશે.

બિનહરીફ વરણી

ગુજરાત નગરપાલિકા પરિષદની કારોબારી મીટીંગમાં આગામી ત્રણ વર્ષ માટે સર્વ સમંતિથી પોપટલાલ એસ. પટેલની સળંગ પાંચમી વાર બીનહરીફ વરણી કરવામાં આવી છે તેમ નગરપાલિકા પરિષદના કાર્યાલય મંત્રી રણજિત દેસાઈ દ્વારા જણાવાયું છે.

સિવિલના સ્ટાફ બ્રધરે નર્સિંગની વિદ્યાર્થીનીનો મોબાઈલ લેતા હોબાળો

ગાંધીનગર, તા.૧૬

રાજયના પાટનગરમાં મેડીકલ કોલેજ સંચાલિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નર્સિંગની વિદ્યાર્થીનીની છેડતીનો કિસ્સો સામે આવ્યો છે. હોસ્પિટલના વિવિધ વિભાગમાં નર્સિંગની વિદ્યાર્થીનીઓનો અભ્યાસક્રમનો અનુલક્ષી વિવિધ કામગીરી શીખવા માટે મુકવામાં આવે છે. પાટનગરની સિવિલમાં પણ વિવિધ કોલેજની અસંખ્ય વિદ્યાર્થીનીઓ આવે છે. ત્યારે સિવિલમાં ફરજ બજાવતા સ્ટાફ બ્રધર્સ દ્વારા નર્સિંગની વિદ્યાર્થીની છેડતી કરવામાં આવી છે જેને પગલે નર્સિંગ કોલેજની શિક્ષિકાઓએ આજે આવીને હોબાળો મચાવ્યો હતો અને બ્રધર તો ના મળતા ઈન્ચાર્જનો ઉધડો લઈ નાંખ્યો હતો.

સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ પાટનગરની સિવિલ હોસ્પિટલમાં વિવિધ નર્સિંગ કોલેજની વિદ્યાર્થીનીઓ ટ્રેનીંગમાં કામગીરી શીખવા માટે ગાંધીનગર હોસ્પિટલમાં આવે છે અને અભ્યાસક્રમ મુજબ સિવિલમાં શીખે પણ છે. ત્યારે સિવિલમાં ફરજ બજાવતા એક સ્ટાફ બ્રધરે એક નર્સિંગની વિદ્યાર્થીનીનો મોબાઈલ નંબર માંગ્યો હતો. પરંતુ તે વિદ્યાર્થીનીએ આપવાની ચોખ્ખી ના પાડી દીધી હતી. ત્યારે ચોર કોટવાલને દંડે તેમ બ્રધરે યુવતિ પાસે થી વધુ કામ કરાવવાનું શરુ કર્યુ અને યુવતિને કામ કરતા નથી અને મોબાઈલમાં લાગેલા રહો છો. તમારા મેડમને ફરીયાદ કરવી પડશે અને પાંચે વાગે રીલીવ કરવાનું કહ્યું હતું અને મોબાઈલ લઈ લીધો હતો.જેને પગલે વિદ્યાર્થીનીએ કોલેજની શિક્ષિકાને ફરીયાદ કરતા મંગળવારના રોજ શિક્ષિકાઓ સિવિલમાં આવ્યા હતા અને બ્રધર ના મળતા ઈન્ચાર્જનો ઉધડો લીધો હતો અને શીખામણના પાઠ ભણાવ્યા હતા.

સીસીકા ગાંધીનગર દ્વારા જૂન માસથી દર માસના બીજા ગુરુવારના રોજ સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજ વાડીના ભાગમાં સાંજના સમયે આશરે ૨૫૦ જેટલા શ્રમિકોને સૂકો મેવો અને શાકભાજીથી ભરપૂર પૌષ્ટિક ખીચડીનું વિતરણ શરુ કરવામાં આવ્યું છે. જે સંદર્ભે તા. ૧૩ જૂન અને ૧૧ જુલાઈના રોજ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યમાં સંસ્થાના દરેક સભ્યોનો મહત્વનો ફાળો રહ્યો હતો.

આજે સુંદરધામ પરિવાર દ્વારા હરિદ્વાર યાત્રા કથા સંદર્ભે મીટીંગ યોજાશે

ગાંધીનગર, તા.૧૬

સુંદરધામ પરિવાર દ્વારા આ વર્ષે શ્રાવણ માસમાં હરિદ્વાર યાત્રા-કથાનું આયોજન કરવામાં આવ્યું છે. નગરના જે યાત્રિકોએ આ માટે નામ નોંધાવ્યા હોય તેમના માટે આજે બપોરે ૪ થી ૭ કલાક દરમિયાન સે-૧૨ સ્થિત બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે મિટીંગનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર સાહિત્યસભાની વર્ષાઋતુ કાવ્ય મહેફિલ યોજાઈ

અહીં ગરમારો, લીમડો, બોરસલ્લી ન્હાય પરસેવે, બધા માંગે નીતરતી છાંટ, ઓ વરસાદ આવી જા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર સાહિત્યસભાની જુલાઈ માસની બેઠક સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાતના અધ્યક્ષસ્થાને વર્ષાઋતુના કાવ્યોની મહેફીલ સાથે આયોજિત કરવામાં આવી હતી.

'વરસાદ આવતો નથી, અમને પલાળતો નથી, ધરતી નાંખે છે નિસાસા, વરસાદ આવતો નથી...' કાવ્ય સાથે સંજય થોરાતે જ મહેફિલની શરૂઆત કરી.આ મહેફિલમાં ૨૨ કવિઓએ એમની કૃતિ રજૂ કરી હતી.

આ કવિઓમાં 'ઉર્મિલ', બાબુદાન ગઢવી 'બાગ', બાબુલાલ વણઝારા, માયા ચૌહાણ, રણછોડ પરમાર, સુમંત શાહ, ડૉ. પ્રવીણ વાટલીયા, ઈશ્વરચંદ્ર જોષી, કલ્પેશ ચૌહાણ વગેરે કવિઓએ સ્વરચિત વર્ષાઋતુન કાવ્યો પ્રસ્તુત કર્યા હતા.

કાર્યક્રમમાં કવિ પ્રતાપસિંહ ડાભી 'હાકલ' દ્વારા બે વર્ષાઋતુના કાવ્યો પ્રસ્તુત થયા એમાં કવિએ, 'હવે તો આવતો હોય તો આજે જ આવી જા, કરાવીશ સહેજે ના ઉચાટ, ઓ વરસાદ આવી જા' કહેતા વરસાદને ચેલેન્જ કરી હતી. એમણે અન્ય બે કાવ્યો પણ પ્રસ્તુત કર્યા હતા.

કાર્યક્રમમાં પ્રાર્થના માયા ચૌહાણે પ્રસ્તુત કરી જયારે આયોજન અજય રાવલે કર્યું હતું. કાર્યક્રમની આભાર વિધિ રોહીણી પરમાર દ્વારા કરવામાં આવી હતી. વર્ષાઋતુ કાવ્ય મહેફલ આઈસક્રીમની ઠંડક સાથે સંપન્ન થઈ. ગાંધીનગર સાહિત્યસભા દ્વારા શુક્રવારે ટાઉનહોલ ખાતે હસમુખ મેકવાન દ્વારા દિગ્દર્શીત નાટક 'વરુ સાથે એક રાત'નો વિના મૂલ્યે શો રાખ્યો છે એમાં આવા સૌને આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

તાજેતરમાં સુરત ખાતે રોલ બોલની શાળા કક્ષાએ ગુજરાત કપ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ગાંધીનગરની સ્કુલ ઓફ અચિવર કુડાસણની વિદ્યાર્થીનીઓ દ્વિતીય ક્રમ લાવી છે. વિજેતા ખેલાડીઓને મેડલ અને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા હતા. શાળાના સ્કેટીંગ અને રોલબોલના કોચ ભાર્ગવ આયરે પાંચેય ખેલાડીઓ દેવાંશી પટેલ, બથેજા હનિશા, કાકડિયા જીલ, પટેલ જીયા અને પટેલ પ્રિન્સીને શુભેચ્છા પાઠવી હતી.

દર શનિવાર અને રવિવારે યોગ-પ્રાણાયામ શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧૬

ઉમિયા માતાજી સંસ્થા અને વીર કેર ફાઉન્ડેશન દ્વારા દર શનિવાર તથા રવિવારે સવારે ૬.૧૫ થી ૭.૦૦ કલાક દરમિયાન યોગ-પ્રાણાયામ અને વ્યાયામની શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. ઉમિયા માતાજી કેમ્પસ સે-૧૨ ખાતે યોજાનાર શિબિરમાં ગાંધીનગરની જનતાને દર શનિવાર અને રવિવારે ઉપસ્થિત રહેવા સંસ્થાના મહામંત્રી ભોળાભાઈ આઈ. પટેલ દ્વારા જણાવાયું છે.

ચિરવિદાય

● સ્વ. સંતોકબેન રૂમાલજી ઠાકોર, ઉ.વ. ૪૫